# ઉકાઈ-કાકરાપાર નહેરો ૯૦ દિવસ બંધ

**દક્ષિણ** ગુજરાતના ખેડૂતોની ચિંતા વધી

**૧૬** નવેમ્બરથી ૧૩ ફેબ્રુઆરી સુધી નહેરો બંધ રાખવાનો નિર્ણય

**રૂ.૮૬૪.૩૬** કરોડના ખર્ચે સમારકામ અને આધુનિકીકરણની કામગીરી હાથ ધરાશે

અંકલેશ્વર: ઉકાઈ-કાકરાપાર સિંચાઈ યોજનાની નહેરોના સમારકામ અને આધુનિકીકરણની કામગીરીને પગલે આગામી ૧૬ નવેમ્બરથી ૧૩ ફેબ્રુઆરી સુધી આશરે ૯૦ દિવસ માટે સિંચાઈનું રોટેશન બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી દક્ષિણ ગુજરાતના ખેડૂતોની ચિંતા વધી છે. ખાસ કરીને અંકલેશ્વર, હાંસોટ, ઓલપાડ અને માંગરોળ તાલુકાના ખેડૂતોને રવિ અને ઉનાળુ પાક માટે સિંચાઈનું આયોજન કરવામાં મુશ્કેલી પડવાની ભીતિ સેવાઈ રહી છે.

રાજ્યના જળસંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, ઉકાઈ ડેમ સાથે જોડાયેલી ડાબા અને જમણા કાંઠાની કુલ ૨૫૧.૧૭ કિલોમીટર લાંબી નહેરો પર આવેલા આશરે ૨૮૪ સ્ટ્રક્ચરનું સમારકામ અને આધુનિકીકરણ કરવામાં આવશે. આ કામગીરી પાછળ અંદાજે રૂ.૮૬૪.૩૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

બીજી તરફ ઉપરવાસમાં અપૂરતા વરસાદને કારણે ઉકાઈ ડેમમાં પાણીની આવક પર પણ અસર જોવા મળી રહી છે. હાલ ડેમની સપાટી ૩૩૫.૧૮ ફૂટ નોંધાઈ છે અને તેમાં ૫,૦૯૬.૬૦ મિલિયન ક્યુબિક મીટર (MCM) પાણીનો સંગ્રહ છે. ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાના આશરે ૭૫ ટકા ભરાયો હોવાનું જણાવાયું છે.

નહેરોમાં લાંબા સમય સુધી સિંચાઈનું પાણી બંધ રહેવાનું હોવાથી ખેડૂતોને પાકની જરૂરિયાત મુજબ પાણીની વ્યવસ્થા કરવામાં પડકારનો સામનો કરવો પડી શકે છે. આ પરિસ્થિતિમાં પાણીનો બગાડ અટકાવવા, વહી જતું પાણી એકત્રિત કરી તેનો પુનઃ ઉપયોગ કરવા અને ઉપલબ્ધ જળસંપત્તિનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે. હવે નહેરોના આધુનિકીકરણની કામગીરીની સાથે ખેડૂતોના પાકને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે પાણીના વૈકલ્પિક આયોજન પર પણ ધ્યાન આપવાની જરૂરિયાત ઊભી થઈ છે.

## નહેર બંધ રહેતા વિપરીત અસર

**(૧) વાવણી અને વિકાસમાં અડચણ:** નવેમ્બરથી ફેબ્રુઆરીનો સમયગાળો રવિ (શિયાળુ) પાકની વાવણી અને વૃદ્ધિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. પાણીના અભાવે ઘઉં, રાયડો, ચણા તેમજ શાકભાજી જેવા પાકોની વાવણી અટકી શકે છે અથવા પાક સુકાઈ જવાની ભીતિ રહે છે.

**(૨) શેરડીના પાકને મોટું નુકસાન :** દક્ષિણ ગુજરાત (અંકલેશ્વર, હાંસોટ, ઓલપાડ, માંગરોળ) માં શેરડી મુખ્ય રોકડિયા પાક છે. શેરડીને સતત અને વધુ પ્રમાણમાં પાણીની જરૂર હોય છે. ૯૦ દિવસ સુધી નહેરો બંધ રહેતા શેરડીનો પાક સુકાઈ જવાનો અને ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થવાનો ભય છે.

**(૩) વૈકલ્પિક સિંચાઈનો ખર્ચ:** નહેરનું પાણી બંધ હોવાથી ખેડૂતોએ બોરવેલ, કૂવા કે ટેન્કર જેવા વૈકલ્પિક સાધનો પર આધાર રાખવો પડશે, જેનાથી ડીઝલ અને વીજળીનો ખર્ચ વધશે. પાકનું ઉત્પાદન ઘટવાથી કે વાવણી ના થવાથી ખેતમજૂરોની રોજીરોટી પર પણ નકારાત્મક અસર પડી શકે છે.

## ભવિષ્યમાં લાંબા ગાળાના ફાયદા

**સિંચાઈ ક્ષમતામાં સુધારો:** રૂ. ૮૬૪.૩૬ કરોડના ખર્ચે નહેરો અને ૨૮૪ સ્ટ્રક્ચરના આધુનિકીકરણથી ભવિષ્યમાં પાણીનો બગાડ અને લીકેજ અટકશે.

**છેવાડાના ખેડૂતો સુધી પાણી:** સમારકામ બાદ નહેરોની પાણી વહન કરવાની ક્ષમતા વધશે, જેથી ભવિષ્યમાં છેવાડાના (ટેલ-એન્ડના) ખેડૂતો સુધી પૂરતું પાણી સરળતાથી પહોંચી શકશે.

## રોટેશન તારીખમાં ફેરફારથી ખેડૂતોનો વિરોધ



ઈબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા નજીક આવેલા કંટવા ગામે માંગરોળ તાલુકાના ખેડૂતોની એક મહત્ત્વપૂર્ણ મિટિંગ યોજાઈ હતી, જેમાં સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોને વિશ્વાસમાં લીધા વગર નહેર બંધ રાખવાની તારીખોમાં કરાયેલા ફેરફાર સામે તીવ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અગાઉ સિંચાઈ વિભાગે ઉકાઈ જમણા કાંઠા નહેરના બાંધકામ માટે ૧ નવેમ્બરથી ૩૧ જાન્યુઆરી (૯૦ દિવસ) સુધી નહેર બંધ રાખવાનો નિર્ણય લીધો હતો, જે મુજબ ખેડૂતોએ પાકની વાવણીનું આયોજન કર્યું હતું. પરંતુ દિવાળી ટાણે મજૂરોની સમસ્યા અંગે કોન્ટ્રાક્ટરોની રજૂઆતને પગલે તંત્ર દ્વારા નવી તારીખો જાહેર કરાતાં ખેડૂતોમાં ભારે નારાજગી વ્યાપી છે. ખેડૂતોએ માંગ કરી છે કે નહેર ભલે ૧૫ દિવસ મોડી બંધ થાય, પરંતુ ખેડૂતોના ડાંગરના પાક માટે મોડામાં મોડું ૫ ફેબ્રુઆરી સુધી પાણી મળે તે રીતે આયોજન થવું જોઈએ. આ અંગે ખેડૂતો ટૂંક સમયમાં સિંચાઈ મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરશે. આ ઉપરાંત ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે ઉત્પાદનમાં ૫૦%થી વધુ ઘટાડાની ભીતિ છે, ત્યારે NPK ખાતર પર કરાયેલો ૨૫% ભાવવધારો પરત ખેંચવા માંગ કરાઈ છે. જો આ ભાવવધારો પાછો ખેંચવામાં નહીં આવે તો જલદ આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. માત્ર સોશિયલ મીડિયાના મેસેજથી ૧૨ કલાકમાં જ મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થયા હતા. આ બેઠકમાં ખેડૂત આગેવાન કેતન ભટ્ટ, ગણેશ સુગરના કસ્ટોડિયન કમિટી ડિરેક્ટર જિતેન્દ્રસિંહ યાદવ, પંડવાઈ સુગરના ડિરેક્ટર ધવલસિંહ વરાછીયા, અંદાજભાઈ શેખ, કિસાન સંઘ વાલિયાના પ્રમુખ ઉપેન્દ્રસિંહ ડોડિયા સહિત કંટવા, આંકળોદ, ગીજરમ, મોટી પારડી અને કઠવાડા ગામોના ખેડૂતો હાજર રહ્યા હતા. ખેડૂતોએ સ્પષ્ટ કર્યું હતું કે જો ન્યાય નહીં મળે તો ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# મઢી સુગરના સુકાની તરીકે સમીર ભક્તા, ઉપપ્રમુખ પદે જીતેન્દ્ર પટેલ

**ભાજપ** મોવડી મંડળે બંને પ્રતિસ્પર્ધી જૂથો વચ્ચે સંતુલન સાધી મેન્ડેટ જાહેર કર્યો



બારડોલી: દક્ષિણ ગુજરાતના નાના અને સીમાંત ખેડૂતોની જીવાદોરી સમાન ધી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ મંડળી (મઢી સુગર ફેક્ટરી)ની વ્યવસ્થાપક સમિતિની તાજેતરમાં સંપન્ન થયેલી ચૂંટણી બાદ સોમવારે મળેલી નવનિયુક્ત બોર્ડની પ્રથમ બેઠકમાં આગામી અઢી વર્ષની મુદત માટે પ્રમુખ તરીકે સમીર ભક્તા અને ઉપપ્રમુખ તરીકે જીતેન્દ્ર પટેલની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી છે.

અનેક રાજકીય અટકળો અને ચર્ચાઓ વચ્ચે બપોરે મઢી સુગરના બોર્ડ રૂમ ખાતે પ્રાંત અધિકારી અને નાયબ કલેક્ટર રોશની પટેલની અધ્યક્ષતામાં ખાસ બેઠક યોજાઈ હતી. બેઠક શરૂ થાય તે પૂર્વે જિલ્લા ભાજપના ચાર મહામંત્રીઓ જગદીશ પારેખ, અંકુર દેસાઈ, રોહિત પટેલ (સુરત જિલ્લો) તેમજ અમિત પટેલ (તાપી જિલ્લો) દ્વારા પક્ષના મોવડી મંડળનો મેન્ડેટ રજૂ કરવામાં આવ્યો હતો. આ મેન્ડેટ મુજબ સહકાર પેનલમાંથી બિનહરીફ ચુંટાયેલા સમીર ભક્તાનું નામ પ્રમુખ પદ માટે અને કિસાન પરિવર્તન પેનલમાંથી બિનહરીફ વિજેતા બનેલા જીતેન્દ્ર પટેલનું નામ ઉપપ્રમુખ પદ માટે નક્કી કરાયું હતું. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ડિરેક્ટર અતુલ નાયકે પ્રમુખ પદ માટે સમીર ભક્તાના નામની દરખાસ્ત મૂકી હતી. જેને મહિલા ડિરેક્ટર મોક્ષદા મહિડાએ ટેકો જાહેર કર્યો હતો. સામે કોઈ અન્ય ઉમેદવારી ન નોંધાતાં સમીર ભક્તાને બિનહરીફ પ્રમુખ ઘોષિત કરવામાં આવ્યા હતા. તેવી જ રીતે ઉપપ્રમુખ પદ માટે ડિરેક્ટર કેતન પટેલે જીતેન્દ્ર પટેલના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેને ડિરેક્ટર અમીષ ચાવડાએ સમર્થન આપ્યું હતું. અન્ય કોઈ દરખાસ્ત ન આવતાં જીતેન્દ્ર પટેલ પણ બિનહરીફ ઉપપ્રમુખ જાહેર થયા હતા.

ચૂંટણી બાદનાં અટપટાં રાજકીય સમીકરણો વચ્ચે ભાજપ સંગઠને બંને જૂથને સુકાન સોંપીને રાજકીય સમતુલા જાળવતાં સભાસદો અને ટેકેદારોમાં ખુશીનો માહોલ છવાયો હતો. નવનિયુક્ત હોદ્દેદારોને ઉપસ્થિત ડિરેક્ટરો અને ખેડૂત આગેવાનોએ અભિનંદન પાઠવી સહકારી ક્ષેત્રના હિતમાં શ્રેષ્ઠ કામગીરીની અપેક્ષા વ્યક્ત કરી હતી.

# ઉમરાયાત્રાના સસ્તા પેકેજની લાલચ આપી રૂ.૬.૧૪ લાખની છેતરપિંડી

**માંગરોળના** નાની નરોલીનો પરિવાર છેતરાયો, એરપોર્ટ પહોંચ્યા બાદ ટિકિટ ફેક હોવાની જાણ થઈ




વાંકલ: સોશિયલ મીડિયા પર સસ્તા દરે ધાર્મિક પ્રવાસ કરાવવાની સસ્તી જાહેરાતો મૂકી નિર્દોષ લોકોને જાળમાં ફસાવતી સાયબર ગેંગનો વધુ એક શિકાર માંગરોળ તાલુકાનો પરિવાર બન્યો છે. ફેસબુક પર ઉમરા યાત્રા માટેની આકર્ષક જાહેરાત જોઈ સંપર્ક કરનાર કૌટુંબિક પરિવાર પાસેથી વિઝા અને એર ટિકિટના નામે રૂ.૬,૧૪,૦૦૦ની છેતરપિંડી આચરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

માંગરોળના નાની નરોલીના લીંબાડામાં ફળિયામાં રહેતા ઈદ્રીશ દાઉદ લીંબાડા ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમણે આપેલી વિગતો અનુસાર ફેસબુક પર ઉમરા યાત્રા અંગેની એક જાહેરાત જોઈ તેમણે તેમાં દર્શાવેલા નંબર પર વોટ્સએપ મારફતે સંપર્ક કર્યો હતો. સામેથી 'શાદાબ' નામની વ્યક્તિએ પોતાનો પરિચય આપી વ્યક્તિ દીઠ માત્ર રૂ.૫૫,૦૦૦માં રહેવા-જમવા તથા વિઝા-ટિકિટ સાથેનું સસ્તું પેકેજ આપવાની ખાતરી આપી હતી. વિશ્વાસમાં આવી ગયેલા પરિવારે પોતાના સભ્યોના પાસપોર્ટની વિગતો મોકલી આપી હતી. બાદ આરોપી શાદાબે અલગ-અલગ તારીખે બેંક એકાઉન્ટ તેમજ ક્યુઆર કોડ સ્કેનર મોકલી ટુકડે-ટુકડે કુલ રૂ.૬,૧૪,૦૦૦ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. રૂપિયા મેળવ્યા બાદ આરોપીએ ૧૦ ઓગસ્ટના રોજ તમામ યાત્રાળુઓને મુંબઈ એરપોર્ટ પર પહોંચવા જણાવ્યું હતું. પરિવારના સભ્યો મુંબઈ એરપોર્ટ પહોંચીને એરલાઈન્સના કાઉન્ટર પર તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે તેમની ટિકિટ કન્ફર્મ થઈ જ નહોતી અને બુકિંગ 'હોલ્ડ' પર હતું. આ અંગે તરત જ આરોપી શાદાબને ફોન કરવાનો પ્રયાસ કરાતાં તેણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને એરપોર્ટ પર પણ આવ્યો નહોતો.

પોતે ઠગાઈનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતાં પીડિત પરિવારે માંગરોળ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. આ મામલે માંગરોળ પોલીસે આરોપી શાદાબ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. કેસની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર પરેશકુમાર માલજીભાઈ દેસાઈ ચલાવી રહ્યા છે.

# તરભોણના સોલાર પ્લાન્ટમાંથી વાયર ચોરી કરનાર બે ઝડપાયા

બારડોલી: બારડોલીના તરભોણ ગામની સીમમાં સ્થિત સોલાર પ્લાન્ટમાં થયેલી કેબલ વાયર ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખવામાં આવ્યો છે. પોલીસે ચોરીનો મુદ્દામાલ સગેવગે કરવાની પેરવી કરી રહેલા બે આરોપીને ૬,૨૦,૦૦૦ના મુદ્દામાલ સાથે તરભોણ ગામ પાસેથી ઝડપી લીધા છે.

ગત તા.૧૬ ઓક્ટોબરના રોજ તરભોણ ગામે આવેલી એવીપી સ્ટાર પ્રાઈવેટ લિમિટેડ સોલાર કંપનીમાંથી કેબલ વાયરની ચોરી થઈ હતી. નવરાત્રિ તહેવાર નિમિત્તે પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મેરૂભાઈ રમેશભાઈ તથા બંકિમભાઈ રમેશભાઈને બાતમી મળી હતી કે ચોરી થયેલો મુદ્દામાલ બે ઈસમો સગેવગે કરવા ફરી રહ્યા છે. જેના આધારે પોલીસે વોચ ગોઠવી આરોપીઓને મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં સુનીલભાઈ રાજુભાઈ ઉર્ફે દિનેશભાઈ દેવીપૂજક (ચુડાસમા) (ઉં.વ.૨૦) (હાલ રહે.,અમરોલી, સુરત/મૂળ રહે.,ભાવનગર) અને રાહુલભાઈ ટીનુભાઈ ઉર્ફે રાજુભાઈ દેવીપૂજક (ચુડાસમા) (ઉં.વ.૨૨) (હાલ રહે.,કોસાડ, સુરત, મૂળ રહે.,તળાજા, ભાવનગર)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી આશરે ૧૬,૦૦૦ મીટર સોલાર કેબલ વાયર કિં.૫,૬૦,૦૦૦, એક મોપેડ એક્સેસ કિં.૫૦,૦૦૦ તથા એક મોબાઈલ ફોન કિં.૧૦,૦૦૦ મળી કુલ ૬,૨૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓ અલગ-અલગ વિસ્તારોમાં રેકી કરી રાત્રિના સમયે વાયર ચોરી કરતા અને તાંબું કાઢી ભંગારમાં વેચી દેતા હોવાનું સામે આવ્યું છે. આ મામલે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## પાઠકવાડી પાસે બાઈક સ્લિપ થતાં યુવકનું મોત

વ્યારા: ગત તા.18-10-2026ના રોજ મોટરસાઈકલ નં.(GJ 05 MH 8728) લઈને બિસ્મબર સંજય મિશ્રા શરીનગર હાઉસિંગ સોસાયટી શિવનગર ચોકડી, ટાળંગપુર, સુરત શહેર પોતાના મિત્ર કુલદીપ રાજમન શર્મા અને વિનીત સાથે સાપુતારા ફરવા જઈ રહ્યા હતા. જે દરમિયાન તાપીમાં ડોલવણના પાઠકવાડી પાસે ઉનાઈ તરફ જતાં નેશનલ હાઈવે નં.56 પર બાઈક ચાલકે પોતાની બાઈક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને રોડની સાઈડમાં સ્લિપ ખવડાવી અકસ્માત સર્જ્યો હતો, જેમાં બાઈક ચાલક બિસ્મબર સહિત વિનીતને ઈજા પહોંચી હતી. જ્યારે બાઈક પર સવાર કુલદીપનું મોત નીપજ્યું હતું.

# કોસમાડા પાસે બિનવારસી ટેમ્પોમાંથી દારૂ ઝડપાયો

**રૂ.1 લાખનો** દારૂ અને કાર મળી 7.31 લાખનો મુદ્દામાલ કબજે

સુરત: કામરેજ પોલીસ હદના કોસમાડાની સીમમાં સુરતથી એંથમ સર્કલ તરફ જતા રોડ પર સુરત ઓટો પાર્ટ્સ ગેરેજ સામે જાહેરમાં પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે વાહનો ઝડપી પાડ્યાં હતાં.

નવરાત્રિના તહેવારોના અનુસંધાને ગેરકાયદે પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નેસ્તનાબૂદ કરવા માટેના સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે આ દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટના સ્થળે ઊભેલા એક બંધ બોડીના ટેમ્પો (જીજે-5-એવી-3834)માંથી જુદી જુદી બ્રાન્ડની ભારતીય બનાવટની વિદેશી દારૂની વ્હીસ્કીની કુલ ૪૩૨ નંગ પ્લાસ્ટિકની બોટલો કબજે કરી હતી, જેની કિં.રૂ.૧,૦૧,૨૮૦ થાય છે. આ ગુનામાં વપરાયેલ ટેમ્પો અને હ્યુન્ડાઈ એસન્ટ કાર સહિત કુલ રૂ.૭,૩૧,૨૮૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે વાહનો ગેરેજ પર મૂકી ફરાર થઈ ગયેલા અજાણ્યા ચાલકો વિરુદ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમો હેઠળ કામરેજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સાયણ ગામે હવનની પરંપરા યથાવત



જયેશ પટેલ

સાયણ: સાયણ ગામે આવેલા નવાપરા ફળિયામાં વર્ષો જૂની ધાર્મિક પરંપરા આજે પણ અકબંધ રહી છે. અહીં દર વર્ષે પરંપરાગત રીતે હવન કરવાની પ્રથા ચાલી આવે છે. પરંપરા મુજબ ગામના વડીલો, મહિલાઓ અને યુવાનો એકત્ર થઈ શાસ્ત્રોક્ત વિધિ મુજબ હવન-પૂજન કરે છે. વૈદિક મંત્રોચ્ચાર સાથે હોમ કરવામાં આવે છે, જેમાં સુખ-શાંતિ અને ગામની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવે છે. આ હોમમાં ફળિયાના તમામ પરિવારો ઉત્સાહભેર જોડાય છે. હોમ પૂર્ણ થયા બાદ સૌ સાથે મળીને સમૂહ ભોજન (જમણવાર) નું આયોજન કરવામાં આવે છે. જમણવાર બાદ સાંજના સમયે સૌ ભક્તો એકત્ર થઈ માતાજીના ગરબામાં મશગુલ થઈ જાય છે. ઢોલ-મંજીરાના તાલે માતાજીના ગરબા ગાઈ ભક્તિભાવનું વાતાવરણ સર્જાય છે. આ પ્રસંગે નવાપરા ફળિયાના આગેવાનો, મહિલા મંડળ અને યુવા મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### નિઝરમાં બે સાપનું રેસ્ક્યુ કરાયું



કુકરમુંડા: નિઝર તાલુકામાં બે અલગ-અલગ સ્થળેથી દુર્લભ સાપનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે. વાંકા ચાર રસ્તા પાસે આવેલી હોટલમાંથી સર્પ રેસ્ક્યુઅર સૂરજ વળવીએ અત્યંત ઝેરી અને દુર્લભ 'સિંધ કાળોતરા' (સિંધ ક્રેટ) સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. જ્યારે અન્ય એક ઘટનામાં હરદુલી ગામમાંથી સર્પ રેસ્ક્યુઅર દિલીપ પાડવીએ આનુવંશિક ફેરફારના કારણે ચમકીલા પીળા રંગમાં ફેરવાયેલા બિનઝેરી 'લીલવણ' સાપને પકડ્યો હતો. બંને રેસ્ક્યુઅરો દ્વારા સાપને સુરક્ષિત રીતે તેમના કુદરતી રહેઠાણમાં મુક્ત કરવામાં આવ્યા હતા.

### મહુવાની કે.એલ.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં સન્માન સમારોહ યોજાયો



સલીમ દિવાન

ભોરિયા: મહુવાની શ્રી કે.એલ.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહુવા સુગરના ડિરેક્ટર વિપુલભાઈ પટેલનું શાળા પરિવાર વતી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. શાળાની ધો.10માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની યાસ્મીની પટેલે પુષ્પગુચ્છ આપી વિપુલભાઈ પટેલનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય ભૂપેન્દ્રભાઈ ચૌધરી, શાળાનો શિક્ષકગણ, વાલી મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે આભારવિધિ અનિલભાઈ જી. પટેલે કરી હતી.

### ઓલપાડના વડોલી ગામમાં સોલાર પ્લાન્ટમાંથી રૂ.1.80 લાખના કેબલની ચોરી

કીમ: ઓલપાડના વડોલીમાં આવેલા સોલાર પ્લાન્ટને તસ્કરોએ નિશાન બનાવ્યો હોવાની ઘટના સામે આવી છે. રામ ક્રિએશન સોલાર કંપનીના પ્લાન્ટમાંથી અજાણ્યા ચાર શખ્સો અંદાજે રૂ.1.80 લાખની કિંમતના કેબલ સહિતનો સામાન ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ કીમ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસ ફરિયાદ મુજબ વડોલીમાં બ્લોક નં.591માં આવેલી રામ ક્રિએશન સોલાર કંપનીમાં ગત તા.29 ઓગસ્ટ, 2026ના રોજ રાત્રે આશરે 11:40 વાગ્યાના અરસામાં ચાર અજાણ્યા શખ્સોએ ગેરકાયદે રીતે પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ પાના-પેચિયા જેવાં સાધનોની મદદથી સોલાર પ્લાન્ટમાં લગાવેલા કેબલ કાપી ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

### તુંડી ગામે પાર્ક કરેલી મોપેડની ચોરી

પલસાણા: પલસાણાના તુંડી ગામે આવેલા મહાદેવ પાર્કમાં આશાબેન લાલાભાઈ પટેલ રહે છે. ગત તા.૮ ઓક્ટોબરે રોજ રાત્રે ઘરની બહાર તેમણે લાલ રંગની મોપેડ નં.(GJ-05-UA-8059) પાર્ક કરી હતી. આશરે રૂ.૨૦,૦૦૦ની કિંમતની મોપેડ કોઈ ચોર ચોરી કરી નાસી છૂટ્યો હતો. આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં ગાડી ન મળતાં આશાબેને પલસાણા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### નાની નરોલી ગામમાં બાઇક ચોરાતાં ફરિયાદ

વાંકલ: નાની નરોલી ગામે રહેતા રીઝવાન મોહમ્મદફારૂક ભદાતના પિતા તા.૧/૧૦/૨૦૨૬ના રોજ સાંજે આશરે સાડા સાત વાગ્યાના સુમારે પોતાની હીરો કંપનીની સ્પ્લેન્ડર મોટરસાઇકલ નં.(GJ19DA1762) લઈ પ્રમુખ આશીર્વાદ ક્લિનિક ખાતે દવા લેવા ગયા હતા. દવાખાના સામે બાઇક પાર્ક કરતી વખતે ભૂલથી ચાવી મોટરસાઇકલમાં જ રહી ગઈ હતી, જેનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો ઇસમ આશરે ₹૫૦,૦૦૦ની કિંમતની બાઇક ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. આસપાસના વિસ્તારમાં તથા આજુબાજુનાં ગામોમાં શોધખોળ કરવા છતાં બાઇક ન મળતાં આખરે માંગરોળ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગુજરાતમિત્ર 31-05-2022 થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

મિલ્કત વેચવાની છે

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ: ટેનારાંગ Mo. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ: કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંધા જમીન વેચવાની છે. ગામ: પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**જગ્યા વેચવાની છે**
રૂઘનાથપુરા વરાછા શેરીમાં કોમર્શિયલ,
રેસીડેન્સીયલ, હોસ્પીટલ ડાયમંડ ફેક્ટરી, જરીકામ પ્રોજેક્ટ કરવા લાયક, સુરત.
Call: 99740 05691 93768 26037

**ઘારી, ઘારી, ઘારી**
પ્રખ્યાત કેસર બદામ પીસ્તા ઘારી અન્નક્ષેત્રના લાભાર્થે ભાવ રૂ. ૮૨૦ પ્રતિ કિ.ગ્રા અગાઉથી બુકિંગ કરાવો Mo. 9773166510 (372)

**જુનો સામાન લેવામાં**
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**જગ્યા ભાડે આપવાની છે**
નાનપુરા વિસ્તારમાં પહેલા માળે 1000 Sqft., પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય.
સંપર્ક : 9898041152 8866360199

**જુના AC લેવામાં**
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુકિતનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો: દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo.7862990838

**કશ્મી ટુરીઝમ**
ભાઈબીજે વૈષ્ણોદેવી કાશ્મીર, અમૃતસર પુષ્કર (દિવસ 12) 6352474903

**મહાદેવ ટુર**
એન્ડ ટ્રાવેલ્સ. દિવાળીમાં (ઉજ્જૈન), (દ્વારકા), (ભીમાશંકર), (અષ્ટવિનાયક), (શિરડી), (સફેદ રણ) 7802062340 (373)

**ઓમશિવ ટ્રાવેલ્સ**
23- ઓક્ટોબર, ખાટુશ્યામ, સાલાસર બાલાજી, સાવરીયાશેઠ, ઉદયપુર, જયપુર, શ્રીનાથજી, માઉન્ટઆબુ. દિવાળી પ્રવાસો (સફેદરણ, કચ્છ, માંડવી, માતાનોમઢ, નારાયણ સરોવર, કોટેશ્વર) (ઉદેપુર, જયપુર, ચિત્તૌડગઢ, ખાટુશ્યામ, માઉન્ટઆબુ) ખરવરશેરી, ભાગળ, સુરત.- 9537838949, 9327199997

મિલ્કત ભાડેથી

**સલુન માટે જગ્યા**
ભાડે આપવાની છે. 700 સ્કવેર ફીટ, લેડીઝ/ જેન્ટ્સ જેન્ટસ માટે, પ્રથમ માળ ઉપર, ફુલ ફર્નિચર સાથે, એટેચ ટોઈલેટ બાથરૂમ સાથે ભાડે અથવા વેચવાની છે 9426152570 (371)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*